# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળનું નવું ભારત, ન તો કોઈને છેડે છે, અને જો તેને કોઈ છેડે તો તેને છોડતું પણ નથી - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## છેલ્લા ૨૪ વર્ષના જાહેર જીવનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્યારેય પોતાને માત્ર મુખ્યમંત્રી કે વડાપ્રધાન તરીકે નહિ પરંતુ રાષ્ટ્રના સેવક તરીકે પોતાના જીવનનું સમર્પણ કર્યું છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



**શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ અને કાર્યશૈલી આજે ભાજપના દરેક કાર્યકર્તા માટે પ્રેરણાસ્ત્રોત છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ એક વિચાર અને સંસ્થા છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**




**સનાતન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને ભારતીય મૂલ્યોને વિશ્વ મંચ પર ગૌરવ અપાવવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં થયું છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**Confidence, Commitment, Compassion, Consistency સાથેનું શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ દેશને ચોક્કસપણે નવી ઉંચાઈઓ પર લઈ જશે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**આ માત્ર સમયનો રેકોર્ડ નથી, આ જનતાના અખંડ વિશ્વાસનો રેકોર્ડ છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

**શ્રી નરેન્દ્રભાઇ મોદી અંગે વિપક્ષ દ્વારા બોલાયેલા અપશબ્દોનો જવાબ જનતાએ વિશ્વાસથી, મતથી અને સમર્થનથી જવાબ આપ્યો- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મદિવસ પવિત્ર રામનવમીના પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આ પવિત્ર દિવસે આપણે એક ગૌરવપૂર્ણ વિષય માટે એકત્ર થયા છીએ. ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ૮,૯૩૧ દિવસ સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકે સેવા આપવાનો ઐતિહાસિક રેકોર્ડ સ્થાપ્યો છે. પહેલા મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકે સતત ૮,૯૩૧ દિવસ સુધી શાસનનું નેતૃત્વ કરીને તેમણે સિક્કિમના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગજીના ૮,૯૩૦ દિવસના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. સાથે જ તેઓ ગુજરાતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને વડાપ્રધાન તરીકે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીજીના ૪,૦૭૭ દિવસના કાર્યકાળનો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે આજે દેશ તેમને 'પ્રધાનસેવક' તરીકે ઓળખે છે, કારણ કે છેલ્લા ૨૪ વર્ષના જાહેર જીવનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્યારેય પોતાને માત્ર મુખ્યમંત્રી કે વડાપ્રધાન તરીકે નથી જોયા, પરંતુ રાષ્ટ્રના સેવક તરીકે પોતાના જીવનનું સમર્પણ કર્યું છે. આ માત્ર સમયનો રેકોર્ડ નથી, આ જનતાના અખંડ વિશ્વાસનો રેકોર્ડ છે. તેમની રાજકીય યાત્રા સેવા, સમર્પણ અને દ્રઢ નિશ્ચયની યાત્રા રહી છે. તેમણે યાદ અપાવ્યું કે વર્ષ ૨૦૦૧માં જ્યારે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે રાજ્ય સામે અનેક પડકારો ઉભા હતા. ૨૦૦૧ નો ભૂકંપ રાજ્ય માટે અને વિશેષ કરીને કચ્છ માટે વિનાશ બનીને આવ્યો હતો. ઘણા લોકો કહેતા હતા કે કચ્છ ફરી બેઠું થઈ શકશે નહીં. પરંતુ નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ મનોબળ, પ્રબળ ઈચ્છાશક્તિ અને મજબૂત નેતૃત્વથી કચ્છ ફરી ઊભું થયું અને કચ્છની ગાથા ઈતિહાસમાં લખાય તે રીતે તેનો વિકાસ થયો. તેમણે જણાવ્યું કે નર્મદા સરદાર સરોવર યોજના માટે કેન્દ્રની કોંગ્રેસ સરકારના ઓરમાયા અને ભેદભાવપૂર્ણ વર્તન સામે સંકલ્પબદ્ધ થઈને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા ડેમની પૂર્ણતા માટે કોઈ કસર બાકી ન છોડી અને જરૂર પડે ત્યાં ઉપવાસ પણ કર્યા. એક સમય એવો હતો જ્યારે ગુજરાતમાં વીજળી સૌથી મોટો પ્રશ્ન હતો, ત્યારે જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાં સુધી ૨૪ કલાક વીજળી પહોંચાડવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. વાયબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા વિશ્વભરના ઉદ્યોગકારોને ગુજરાતમાં આમંત્રિત કરી મોટા પ્રમાણમાં રોકાણ અને રોજગારીની તકો ઊભી કરી. કૃષિ મહોત્સવ, ચિરંજીવી યોજના, માતૃ વંદના યોજના, બેટી બચાવો અભિયાન અને કર્મયોગી અભિયાન જેવી પહેલો દ્વારા વિકાસનું એક નવું ગુજરાત મોડલ સ્થાપિત થયું. દીકરીઓના શિક્ષણથી લઈને યુવાનોના રોજગાર સુધી, ગ્રામ્ય વિકાસથી લઈને શહેરી સુવિધાઓ સુધી અને નાના વેપારીથી લઈને ઉદ્યોગકાર સુધી ગુજરાતના સર્વાંગી વિકાસના તમામ આયામોને સ્પર્શીને ગુજરાતને મોડલ સ્ટેટ બનાવ્યું. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, સાબરમતી રિવરફ્રન્ટ જેવા પ્રોજેક્ટ્સે ગુજરાતની ઓળખને નવી દિશા આપી અને નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વને માન્યતા આપતાં ગુજરાતને વિશ્વભરમાંથી અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું. વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૩ દરમિયાન દેશ ભ્રષ્ટાચાર અને કૌભાંડોથી પીડાતો હતો, ત્યારે નરેન્દ્રભાઈ મોદી દેશના નાગરિકો માટે આશાનું કિરણ બનીને ઊભા રહ્યા. વર્ષ ૨૦૧૪માં દેશની જનતાએ ભાજપા પર પ્રેમ દર્શાવી ગુજરાતના આ સપુતને દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સોંપી. ત્યારથી દેશની ૧૪૦ કરોડ જનતાએ સતત ત્રણ વખત તેમને સેવા કરવાનો અવસર આપ્યો છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી પહેલો દ્વારા નવા રોકાણ અને રોજગારીની તકો ઊભી થઈ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, આયુષ્માન ભારત, પીએમ સૂર્યઘર યોજના, પીએમ કિસાન સન્માન નિધિ, પાક વીમા યોજના અને કિસાન ક્રેડિટ કાર્ડ જેવી યોજનાઓનો ગરીબો અને ખેડૂતોને સીધો લાભ થયો છે. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અને સુકન્યા સમૃદ્ધિ યોજનાએ ગરીબ મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. "લખપતિ દીદી" અભિયાન દ્વારા સ્વસહાય જૂથોની મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં આવી રહી છે અને મહિલાઓના સશક્તિકરણ માટે નારી શક્તિ વંદન કાયદા દ્વારા મહિલા અનામત બિલ પસાર કરીને ઐતિહાસિક કાર્ય કર્યું છે. તેમણે જણાવ્યું કે, દેશની વ્યવસ્થાને ક્ષતિગ્રસ્ત કરનાર ભ્રષ્ટાચારની ઉધઈને જન ધન, આધાર અને મોબાઈલ (JAM ટ્રિનિટી) ની તાકાત દ્વારા નાબૂદ કરવામાં આવી છે. સરકારી યોજનાઓનો એક એક પૈસો ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધા લાભાર્થીઓ સુધી પહોંચે છે. દેશમાં ઐતિહાસિક ગતિથી કિલોમીટરથી વધુની ગતિએ રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ થઈ રહ્યું છે, એરપોર્ટ અને મેટ્રો પ્રોજેક્ટ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે અને આરોગ્યક્ષેત્રમાં જ્યાં ૭૦ વર્ષમાં ફક્ત પાંચ એઈમ્સ બનાવવામાં આવ્યા હતા, ત્યાં મોદીજીના કાર્યકાળ દરમિયાન ૧૫ નવા એઈમ્સની સ્થાપના કરવામાં આવી છે. જેમણે સ્વચ્છ ભારત મિશનને જન આંદોલનમાં પરિવર્તિત કર્યું અને સ્વચ્છતાને રાષ્ટ્રીય અભિયાન તરીકે પ્રોત્સાહન આપ્યું. "એક પેડ મા કે નામ" જેવા અભિયાનો દ્વારા પર્યાવરણીય જાગૃતિ ફેલાવી. શ્રી વિશ્વકર્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, દેશે "વિકાસ અને વારસો" બંને સાથે આગળ વધવાની નીતિ અપનાવી છે. કાશી કોરિડોર, મહાકાલ મંદિર અને ગુજરાતમાં સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ સહિતના ધાર્મિક સ્થળોના આધુનિકીકરણને નવી દિશા આપી છે. ૫૫૦ વર્ષથી લોકોની આસ્થા સમાન રામ મંદિરના નિર્માણનો યશ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રાપ્ત થયો છે. તેમના નેતૃત્વમાં, ભારત ડિફેન્સ ક્ષેત્રમાં "આત્મનિર્ભર ભારત" તરફ આગળ વધ્યું છે, અને "પોલીટીક્સ ઓફ પરફોર્મન્સ" પર ભાર મૂકવામાં આવ્યો છે. એક સમય હતો જ્યારે દેશ આતંકવાદની સમસ્યાથી હતપ્રત હતો. દુશ્મન આપણી સરહદોમાં ઘૂસણખોરી કરીને હુમલો કરતો હતો, જ્યારે આપણી તત્કાલીન સરકાર ફક્ત નિંદાના ઠરાવો પસાર કરતી હતી અને દિલ્હીથી શાંતિ માટે વિનંતી કરતી હતી. શ્રી મોદીજીએ કહ્યું હતું કે તેઓ ન તો આંખ ઝૂકાવીને વાત કરશે, ન તો આંખ કાઢીને, પરંતુ આંખમાં આંખ મિલાવીને વાત કરશે. ઉરી અને પુલવામાના કાયરતાપૂર્ણ હુમલાનો જવાબ ભારતે ડોઝિયર સોંપીને નહીં, પરંતુ સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ એર સ્ટ્રાઈકથી દુશ્મનના ઘરમાં ઘૂસીને આપ્યો. ઓપરેશન સિંદૂર જેવી વ્યૂહાત્મક રણનીતિઓએ દુનિયાને એ સ્પષ્ટ સંદેશ આપ્યો કે આ નવું ભારત છે, આ ન તો કોઈને છેડે છે, અને જો કોઈ તેને છેડે છે તો તેને છોડતું પણ નથી. તેઓએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અત્યાર સુધી ૨૯ થી વધુ દેશોએ પોતાના સર્વોચ્ચ નાગરિક અને રાજકીય સન્માનોથી સન્માનિત કર્યા છે. અને ૧૯ દેશોની સંસદમાં તેમને સંબોધન કરવાની તક મળી છે જે તેમના વૈશ્વિક નેતૃત્વ, રાજદ્વારી કૌશલ્ય અને ભારતની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને દર્શાવે છે. સનાતન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને ભારતીય મૂલ્યોને વિશ્વ મંચ પર ગૌરવ અપાવવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં થયું છે. કાશ્મીરમાથી કલમ ૩૭૦ ની નાબૂદીનું કરોડો નાગરિકોનું વર્ષો જૂનું સ્વપ્ન મોદીજીના નેતૃત્વમાં સાકાર થયું છે. જ્યારે દેશને સૌથી મોટી મહામારી COVID-19એ થંભી જવા મજબૂર કરી દીધો હતો. ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ લેવામાં આવ્યો. ભારતે પોતાની સ્વદેશી વેક્સિન જ ન બનાવી, પરંતુ ૨૨૦ કરોડથી વધુ ડોઝનું દુનિયાનું સૌથી મોટું અને સફળ રસીકરણ અભિયાન ચલાવીને કરોડો દેશવાસીઓના જીવ બચાવ્યા. સાથે જ ભારતે ૧૦૦ થી વધુ દેશોને વેક્સિનની લગભગ ૩૦ કરોડથી વધુ ડોઝ પણ પહોંચાડ્યા. તેમણે કહ્યું કે, વિપક્ષે મોદી સાહેબ ઉપર વ્યક્તિગત હુમલા કર્યા. "ચા વાળો", "મોત કા સોદાગર", "ચોર", "નીચ", "મોદી તેરી કબ્ર ખુદેગી" જેવા અપશબ્દો બોલ્યા. તેઓની પૂજનીય માતાશ્રી માટે પણ અપશબ્દો કહ્યા. પરંતુ જનતાએ દરેક વખતે જવાબ આપ્યો – વિશ્વાસથી, મતથી અને સમર્થનથી. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ અને કાર્યશૈલી આજે ભાજપના દરેક કાર્યકર્તા માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમનો સંઘર્ષ કાર્યકર્તાને ઊર્જા આપે છે, તેમનું સમર્પણ કાર્યકર્તાને લડવાની શક્તિ આપે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ એક વિચાર અને સંસ્થા છે. ભારતવાસીઓ આજે આત્મનિર્ભરતા અને અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સાથે શ્રી મોદીજીના નેતૃત્વમાં આગેકૂચ કરી રહ્યા છે. આ ૮૯૩૧ દિવસની સફર એટલે રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને નિઃસ્વાર્થ જનસેવાની સફર. Confidence(આત્મવિશ્વાસ), Commitment(પ્રતિબદ્ધતા), Compassion(કરુણા), Consistency (સાતત્ય) સાથેનું શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ દેશને ચોક્કસપણે નવી ઉંચાઈઓ પર લઈ જશે.

# શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક સંકટ વચ્ચે પણ ભારતના નાગરિકોના હિતને સર્વોપરી રાખ્યું છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યૂટી ૧૩ રૂપિયાથી ૩ રૂપિયા અને ડીઝલ પર ૧૦ રૂપિયાથી શૂન્ય કરવાના કરાયેલા મહત્વપૂર્ણ નિર્ણયને આવકારી આભાર વ્યક્ત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

**ખાડી દેશોમાં યુદ્ધની પરિસ્થિતિના સંકટ વચ્ચે સામાન્ય જનતાને મોટી રાહત આપવાનો ઐતિહાસિક નિર્ણય લઈ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નાગરિકો પર કોઈ વધારાનો બોજો ન પડે તે સુનિશ્ચિત કર્યું છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**



**આ નિર્ણય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનીની સંવેદનશીલતા અને ભારતની મજબૂત અર્થવ્યવસ્થાનું જીવંત ઉદાહરણ છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખાડી દેશોમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે દેશના કરોડો નાગરિકોના હિતને સર્વોપરી રાખી પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યૂટી ૧૩ રૂપિયાથી સીધી ૩ રૂપિયા અને ડીઝલ પર ૧૦ રૂપિયાથી શૂન્ય કરવાના કરાયેલા નિર્ણયને આવકારી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વ યુદ્ધ અને વૈશ્વિક સંકટની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે.

ખાડી દેશોમાં સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિના કારણે ગ્લોબલ સપ્લાય ચેઈન તૂટી રહી છે અને આખી દુનિયા સંકટનો સંકટનો સામનો કરી રહી છે. વિશ્વના ઘણા દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે, પરંતુ ભારતમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે સામાન્ય જનતાને મોટી રાહત આપવાનો ઐતિહાસિક નિર્ણય લઈ વૈશ્વિક સંકટ વચ્ચે પણ નાગરિકો પર કોઈ વધારાનો બોજો ન પડે તે સુનિશ્ચિત કર્યું છે. તેમણે કહ્યું કે, આ નિર્ણય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંવેદનશીલતા અને ભારતની મજબૂત અર્થવ્યવસ્થાનું જીવંત ઉદાહરણ છે. જ્યાં વિશ્વના ઘણા દેશો તેલના વધતા ભાવોના કારણે રેકોર્ડ મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, ત્યાં મોદી સરકારે રાજસ્વની ચિંતા કર્યા વગર દેશના નાગરિકોને રાહત આપવા માટે આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. શ્રી મોદીજીએ વૈશ્વિક સંકટ વચ્ચે પણ ભારતના નાગરિકોના હિતને સર્વોપરી રાખી આ મહત્વપૂર્ણ અને જનહિતકારી નિર્ણય લીધો છે.

# જનહિતના પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા: મહેસાણા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## ધારાસભ્યો દ્વારા એસ.ટી. બસ, પાણી, આરોગ્ય અને રસ્તાઓના પ્રશ્નોની વિસ્તૃત રજૂઆત કરવામાં આવી



કમલમ્,

મહેસાણા જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન કલેક્ટરશ્રીએ જિલ્લામાં કાર્યરત વિવિધ વિભાગોના અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યા હતા કે જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવે.

કલેક્ટરશ્રીએ પદાધિકારીઓના પ્રશ્નો પર વિશેષ લક્ષ કેન્દ્રિત કરી સમય મર્યાદામાં નિકાલ લાવવા માટે તમામ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને તાકીદ કરી હતી. બેઠકમાં ઉપસ્થિત વિવિધ ધારાસભ્યો દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

વિજાપુરના ધારાસભ્ય શ્રી સી. જે. ચાવડાએ વિજાપુરથી હિંમતનગર સુધી મિની એસટી બસ શરૂ કરવા, ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ટાંકીઓ બનાવવા તેમજ માવઠાને કારણે થયેલા નુકસાનનું વળતર આપવા બાબતે રજૂઆત કરી હતી. આ સાથે જ તેમણે વિજાપુરની નવી સિવિલ હોસ્પિટલના ખાતમુહૂર્ત અંગે પણ ચર્ચા કરી હતી. ધારાસભ્ય શ્રી સરદાર ચૌધરીએ સતલાસણા હોસ્પિટલની કામગીરીની પ્રગતિ અને ધારાસભ્ય ફંડમાંથી ફાળવેલા ભૂગર્ભ જળ સિંચાઈના કામોનો અહેવાલ માંગ્યો હતો. અન્ય એક રજૂઆતમાં ધારાસભ્ય શ્રી કિરીટ પટેલે ક્ષતિગ્રસ્ત ટ્યુબવેલ ધરાવતા ગામોની વિગતો, આંગણવાડીની આપવામાં આવતી ખાદ્ય સામગ્રી, તૂટેલા રસ્તાઓ પર દિશા નિર્દેશ બોર્ડ લગાવવા અને રસ્તાઓના પેચવર્ક સહિત મોબાઈલ નેટવર્કની સમસ્યાઓ વિશે અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. જિલ્લામાં ચાલી રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને પોલીસ વિભાગની કામગીરીની પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. મહેસાણામાં યોજાયેલા મિલેટ મહોત્સવની સફળતા, આરોગ્ય વિભાગ દ્વારા સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા માટેના પ્રયાસો, પીએમ રાહત યોજના અને રાહવીર યોજના અંગે પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ સાયબર ક્રાઈમ અને મહિલા જાગૃતિ અંગે શાળાઓમાં કરાયેલા સેમિનારોની વિગતો આપી હતી.

વિશેષ કરીને પોલીસ વિભાગ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ ચોરાયેલો મુદ્દામાલ તેના મૂળ માલિકોને પરત કરવાની કામગીરીની સર્વેએ પ્રશંસા કરી હતી. આ ઉપરાંત જિલ્લા સમાજ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કચેરીની કામગીરીનો ચિતાર પણ રજૂ કરાયો હતો. બેઠકમાં જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જમીન ફાળવણીની પ્રક્રિયાની વિધાનસભામાં લેવાયેલી નોંધ બદલ ધારાસભ્યોએ જિલ્લા કલેક્ટરશ્રી સહિત સમગ્ર ટીમ મહેસાણાને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત, મહેસાણા મ્યુનિસિપલ કમિશનર શ્રી રવિન્દ્ર ખતાલેની ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે બદલી થતા તેમને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ પદાધિકારીઓ અને અધિકારીઓએ શ્રી ખતાલેની મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરેલી કામગીરીની પ્રશંસા કરી તેમને નવી નિમણૂક માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય સર્વે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સી.જે. ચાવડા, શ્રી સુખાજી ઠાકોર સહિત મ્યુનિસિપલ કમિશનર રવિન્દ્ર ખતાલે, જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.કે. જેગોડા, પ્રાંત અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# અમદાવાદ સિવિલમાં માનવતાનું નવું સરનામું: દર્દીઓના સગા-સંબંધીઓ માટે ૬૦ કરોડના ખર્ચે ૮૫૮ બેડનું અત્યાધુનિક 'રેનબસેરા' તૈયાર











કમલમ્,

એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં રાજ્યભરમાંથી તેમજ દેશ-વિદેશથી નાગરિકો જટિલ સર્જરી અને વિવિધ રોગોની સારવાર માટે આવે છે. અત્યાર સુધી હોસ્પિટલની નજીકના વિસ્તારોમાં પૂરતી સુવિધાના અભાવે અથવા આર્થિક મર્યાદાના કારણે અનેક પરિવારોએ મોંઘા દરની હોટલોમાં રોકાવું પડતું હતું અથવા ફૂટપાથ પર રાત વિતાવવી પડતી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ, નાગરિકોની આ હાલાકી દૂર કરવા માટે સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા ખાતે ૬૦ કરોડના ખર્ચે ૮૫૮ બેડની ક્ષમતા ધરાવતું અત્યાધુનિક 'રેનબસેરા' તૈયાર કરવામાં આવ્યું છે. રેનબસેરાની મુખ્ય વિશેષતાઓમાં વિશાળ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ૮ માળ ધરાવતા આ ભવનનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૪,૪૩૬ ચો.મી. છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૮૦ લોકોની ક્ષમતા ધરાવતી વિશાળ કેન્ટીન અને આધુનિક રસોડું તેમજ અન્ય સુવિધાઓમાં ટીવી રૂમ, રિસેપ્શન, બેંક એટીએમ અને દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે ૦૮ દુકાનોની વ્યવસ્થા કરવામાં આવી છે આ રેનબસેરામાં સ્વચ્છ ડોરમેટરી, પૂરતા શૌચાલય અને સામાન રાખવા માટે સુરક્ષિત લોકરની સુવિધા પણ ઉપલબ્ધ છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા બેઝમેન્ટમાં ૫૮ ફોર-વ્હીલર અને ૯૧ ટુ-વ્હીલર માટે પાર્કિંગની સુવિધાની સુવિધા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલમાં દરવર્ષે અંદાજે ૧ લાખથી વધુ દર્દીઓ દાખલ થાય છે. આ સુવિધાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને સુરક્ષિત અને સન્માનજનક રહેઠાણ મળશે. તેનાથી હોસ્પિટલના કોરિડોર અને ગેલેરીઓમાં થતી ભીડ ઘટશે, જેના પરિણામે હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવવામાં પણ સરળતા રહેશે. રાજ્યસરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ આ 'રેનબસેરા' સેવા અને માનવીય અભિગમનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડશે.

